


અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૬-૨-૨૦૨૪ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૬ વર્ષ : ૨૮ અંક ૧૫૮

## અમરેલી પીજીવીસીએલ સર્કલના એસકેડી ડિવીઝન દ્વારા પાવરચોરી ઘટાડવા ઝુંબેશ

# રાજુલા જાફરાબાદમાં ૬૯ લાખની વિજચોરી ઝડપાઇ

**પીજીવીસીએલ દ્વારા વિજ ચોરી અટકાવવા ઉચ્ચ કક્ષાએથી ચેકિંગ ઝુંબેશ યોજાતા ૩૫ ટીમો ત્રાટકી**

**અમરેલી સર્કલમાં એસકેડી ડિવીઝન દ્વારા ૩૫ ટીમોએ રાજુલા જાફરાબાદમાં ૨૮૫ જોડાણો ચેક કરી ૭૭ જોડાણોમાં ગેરરિતી ઝડપી લીધી : પાવર ચોરી કરનારાઓમાં વ્યાપી ગયેલો ભારે ફફડાટ**

**પોતાની સિકયોરીટી સાથે ૩૫ ટીમોનો રસાલો ત્રાટકતા પાવર ચોરી કરનારાઓ ઝડપાયા, કેટલાંક ભોભિતર થઇ ગયા**

અમરેલી,અમરેલી પીજીવીસીએલ સર્કલની ચેકિંગ ટીમોએ રાજુલા જાફરાબાદ વિસ્તારમાં ચેકિંગ કરી ૬૯.૨૩લાખનીવિજચોરીઝડપીલીધી હતી. એસકેડી ડિવઝનના અમરેલી સર્કલમાં આવેલ જાફરાબાદ અને રાજુલામાં આજે પીજીવીસીએલની ૩૫ ટીમોએપોતાનીસિકયોરીટીસાથેત્રાટકી ૨૮૫ જોડાણો ચેક કર્યા હતાં જેમાં ઘર વપરાશના ૨૭૫ અને વાણિજયક ૧૦ મળી કુલ ૨૮૫ જોડાણોમાં રહેઠાંણના ૭૫ અને વાણિજયકના ૨ મળી કુલ ૭૭ જોડાણોમાંરૂા.૬૯.૨૩લાખનીગેરરિતી ઝડપી લીધી હતી. પોતાની સિકયોરીટી સાથે વિજ ચેકિંગ ટીમો ત્રાટકતા પાવર ચોરી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# શ્રી જે.પી. નડ્ડાને આવકારતા શ્રી કૌશિક વેકરીયા



## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને પ્રદેશ ભાજપ વતી સ્મૃતિ ભેટમાં શંખની ભેટ આપતા શ્રી વેકરીયા

અમરેલી,

ગાંધીનગર ખાતે આજે રાજયસભાનાં ઉમેદવાર તરીકે ભાજપ દ્વારા ચાર સભ્યોની ઉમેદવારી નોંધાવાના સમયે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાએ આજે ગાંધીનગર ખાતે ભાજપનાં રાષ્ટ્રીય પ્રમુખ અને રાજયસભાના ઉમેદવાર શ્રી જે.પી. નડ્ડાને ગુજરાત પ્રદેશ ભાજપ વતી સ્મૃતિ ભેટમાં શંખ ભેટ આપ્યો હતો તે તસ્વીરમાં નજરે પડે છે.


























### કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલા દ્વારા

# બગસરામાં સાંસદ ખેલ સ્પર્ધા યોજાઇ

**સાંસદ ખેલ સ્પર્ધામાં બગસરા તાલુકાના ખેલાડીઓએ ભાગ લીધો : કબડ્ડી, ખોખો યોગાશન સહિત સ્પર્ધાઓનું આયોજન થતાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરાયા**

**પાલિકા પ્રમુખ એ.વી. રીબડીયા, શ્રીમતી કોકીલાબેન કાકડીયા, પ્રદિપભાઇ ભાખર ધીરૂભાઇ માયાણી, અશ્વિનભાઇ કરોટ, પરેશભાઇ હિરાણી, જયંતિભાઇ વેકરીયા સહિતની ઉપસ્થિતિ**







બગસરા,(સમીર વિરાણી) ભારત સરકારના રાજયસભાના સાંસદ અને કેન્દ્રના કેબિનેટ મંત્રી અમરેલી જીલ્લા પનોતા પુત્ર પરશોતમભાઈ રૂપાલા દ્વારા અમરેલી જીલ્લા રમતવીરો માટે દરેક તાલુકા સાંસદ ખેલ સ્પર્ધાનુ આયોજન બગસરા તાલુકામા થયેલ આ ખેલ સ્પર્ધામા કબડ્ડી,ખો-ખો,યોગાસન,વોલીબોલ એથ્લેટિક્સ રમતોમાં અલગ અલગ વય જુથ અંડર-૧૯ અને ઓપન એઈઝ ગૃપમાં સ્પર્ધામાં ભાગ લીધો જે સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત કાર્યક્રમમાં અદયક્ષ નગર સેવા સદન પ્રમુખ એ.વી.રીબડીયા કાર્યક્રમના ઉદઘાટક ધારી-બગસરાના ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાના ધર્મ પત્ની કોકીલાબેન કાકડીયા,શહેર ભા.જ.પ.પ્રમુખ આ રમતના કન્વીનરશ્રી પ્રદિપભાઈ ભાખર જી.પં.સદસ્ય ધીરૂભાઈ માયાણી તાલુકા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ કોરાટ,ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા,મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય વી.કે.જેઠવા,તાલુકા રમતગમત કન્વીનર શ્રી મનોજ મહીડા નગરપાલીકા ઉપપ્રમુખ ભાવનાબેન સોનગરા,નગરપાલીકા સદસ્યશ્રી પરેશભાઈ હિરાણી, જયંતીભાઈ વેકરીયા, મહેશભાઈ પરમાર, બી.પી.વઘાસીયા,મહામંત્રી અશોકભાઈ પંડયા,,જીતુભાઈ બોરીચા,આચાર્યશ્રી દર્શનભાઈ ઠાકર, દિવ્યેશભાઈ દુધરેજીયા, નકુમ, કિશોરભાઈ રંગાડીયા,કિરણભાઈ શાંખલા, મનિષભાઈ કુકવાવ કૌશિક નસીબ,હરેશ ખેતાણી સહિત રાજકીય તેમજ સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીના વેપારી અગ્રણી શ્રી ગણાત્રાની જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનના રાષ્ટ્રીય સચિવ તરીકે વરણી

**શ્રી યોગેશભાઇ ગણાત્રાની વરણીને આવકાર**



અમરેલી,અમરેલીના જાણીતા વેપારી આગેવાન અને સેવાભાવી શ્રી યોગેશભાઈ ગણાત્રાની જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનના રાષ્ટ્રીય સચિવ તરીકે નિમણુંક કરવામાં આવી છે. શ્રી ગણાત્રાની સચિવ તરીકે નિમણુંક થતાં સાર્વત્રિકઆવકાર સાથે અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચાના એલાન મુજબ

## બાબરા તાલુકાના શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી

**પોતાની વિવિધ માંગણીઓ અંગે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ વ્યકત કર્યો**




કોટડાપીઠા,(ગીરીશભાઈ મહેતા)ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ ગુજરાત રાજય સંયુકત કર્મચારીમોરચાએરજુ કરેલા આંદોલન કાર્યક્રમના ભાગરૂપે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના માર્ગદર્શન નીચે બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા એલાન મુજબ પ્રાથમિક શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી હતી અને જુને પેન્શન યોજના માટે આહવાન કર્યુહતું. સરકાર પાસે પડેલા પડતર પ્રશ્નો ઝડપથી ઉકેલવા રજુઆત કર્યાનું બાબરા તાલુકા પ્રમુખ અજયભાઈ હુદડે જણાવ્યું છે.

### આરટીઓ અને પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ઉજવણી અંતર્ગત

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા રોડ સેફ્ટી મંથ સમાપન સમારોહ યોજાયો

**શ્રીમતી શાંતાબેન ગજેરા કેમ્પસ ખાતે સમાપ્ન સમારોહમાં અમરેલીના એસ.પી. શ્રી હિંમકરસિંહની ખાસ ઉપસ્થિતિ**



અમરેલી,

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલીના આંગણે તારીખઃ- ૧૪/૦૨/૨૦૨૪ના રોજ આર.ટી.ઓ. અને અમરેલી જિલ્લા પોલીસ અમરેલી આયોજિત ૩૪માં રોડ સેફ્ટી મન્થ સમાપન સમારોહની પોલીસ અધિક્ષકની ઉપસ્થિતમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ ખાસ ઉપસ્થિત શહી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આર.ટી.ઓ. ઈન્સપેકટર અને રોડ સેફ્ટી નોડલ પરમાર પઢિયાર, આર.ટી.ઓ. ઈન્દ્રજિતભાઈ ટાંક, એન.એલ.રાઠોડ સાહેબ તથા મીત શાહ, સંસ્થાના મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક હિમકર સિંહ સાહેબનું પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ અને ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણીએ સ્વાગત કર્યુંહતું. પેથાણી સાહેબે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યુંહતુ કે માર્ગ સલામતીની જાગુતિ તમામ નાગરિકો સમજે તે ખૂબ જ જરૂરી છે, માનવની જિંદગી કિંમતી છે તેની કાળજી રાખીએ તો અનેક અકસ્માત નિવારી શકાય છે. વિશેષમાં આર.ટી.ઓ ઈન્સપેકટર રોડ સેફ્ટી નોડલ શ્રી પી.આર.પઢીયાર આર.ટી.ઓ. દ્વારા માર્ગ અકસ્માત ન થાય તે માટે જે સાવચેતી રાખવાની છે તેની વિશેષ સમજુતી રાખીને વિદ્યાર્થીઓને જાગૃત થવા અનુરોધ કર્યા હતો. ટુ વ્હીલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા, ફોરવીલ માટે સીટબેલ્ટ બાંધવા, રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરવું જેથી અનેક અકસ્માતો તિવારીને માનવીની જિંદગી બચાવી શકાય. અધ્યક્ષ સ્થાનેથી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ સરકારશ્રી દ્વારા માર્ગ સલામતી સપ્તાહને બદલે હવે માર્ગ સલામતી માસની ઉજવણી કરીએ છીએ તેની પાછળનો જે હેતુ છે તે અકસ્માતનું પ્રમાણ ઘટે, નાગરિકો આર.ટી.ઓ ના નિયમોથી વાકેફ થાય અને ખૂબ જ કાળજી રાખીએ તો અનેક માનવ જિંદગીને મોતના મુખમાંથી બચાવી શકીએ. તેમના પરિવાર અને રાષ્ટ્ર માટે મહામૂલુ માનવજીવન બચાવી શકાય તે માટે આપ સર્વે વિદ્યાર્થીઓ, વાલીઓ ખૂબ જ કાળજીથી માર્ગ સલામતીના નીતિ-નિયમોની જાણકારી મેળવી અને પાલન કરીએ તેવી ઉમદા શિખ આપી હતી.

આ તકે સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી, આચાર્યશ્રીઓ, સ્ટાફગણ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા વાલીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા. તેમનો હદયપૂર્વક આભાર વ્યકત કર્યા હતો. આવો સુંદર જનજાગૃતિનો કાર્યકમ યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

### પ્રાકૃતિક કૃષિ મહા અભિયાન

## લાઠીના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતે કલેકટરશ્રી દહિયા

**શ્રી કાળુભાઈના ફાર્મ ખાતે સરગવા સહિતના પ્રાકૃતિક પાક, પ્રોસેસિંગ પ્લાન્ટને નિહાળતા કલેકટરશ્રી દહિયા**



અમરેલી,ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સમગ્ર રાજ્ય સહિત દેશમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ જાગૃત્તિ અભિયાન આગળ ધપાવી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પરંપરાગત કૃષિ કરતાં અનેક ખેડૂતો હવે પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ થકી ખેતીલાયક જમીનની ફળદ્રપુતા વધવાની સાથે ખર્ચ પણ ઘટે છે અને પાક ઉત્પાદન વધે છે. જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ લાઠીના ખેડૂત શ્રી કાળુભાઈ હુમલાના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેકટરશ્રીએ પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતના ફાર્મમાં સરગવા સહિતના પ્રાકૃતિક પાક, પ્રોસેસિંગ પ્લાન્ટને નિહાળ્યો હતો અને તેમણે આ અંગે ખેડૂત શ્રી કાળુભાઈ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ તકે અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી, લાઠી તાલુકા મામલતદારશ્રી સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી જિલ્લા આત્મા પ્રોજેક્ટ ડાયરેકટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલીના વેપારીએ ધંધા માટે વ્યાજે લીધેલ પૈસા વ્યાજ સાથે ચુકવવા છતાં પઠાણી ઉઘરાણી

**અમરેલીના બે શખ્સો પાસેથી અઢી લાખ લીધેલ જે વ્યાજ સાથે ચુકવવા છતાં રૂા.૧૨ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી**

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

અમરેલીમાં તા.૧-૧-૨૦૧૯થી ૧૫-૨-૨૦૨૪ દરમિયાન અમરેલીના વેપારીએ તેના ધંધાના વેપાર માટે અમરેલીના બહારપરામાં રહેતા ઈલ્યાસ સુલેમાનભાઈ સોલંકી, ઈદ્રીસ ઈબ્રાહીમભાઈ સયૈદ પાસેથી ૫ ટકાના દરે રૂપિયા ૨,૫૦,૦૦૦ વ્યાજે લીધેલ હોય. જે પૈસા કટકે વ્યાજ તથા મુદલ સાથે આપી દેવા છતાં બંને આરોપીઓએ ફરિયાદી પુજાબેન કાંતિભાઈ સેલાણી ભાઈએ વ્યાજ તથા મુદલ આપી દેવા છતાં પઠાણી ઉઘરાણી કરી પુજાબેનને ગાળો બોલી મિલ્કત ખાલી કરી દેવા તેમજ જાનથી મારી દેવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યા અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.

### ગાંવ ચલો અભિયાન અંતર્ગત

## ગામડાના લોકોને મૂર્ખ બનાવતા ભાજપના નેતાઓ : કોંગ્રેસ પ્રમુખશ્રી ભંડેરી

**ભાજપના રાજમાં ગુજરાતના ગામડાઓ સાવ ખાલીખમ થઇ ગયા**



અમરેલી,

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે અનેકેન્દ્રમાંછેલ્લા ૧૦ વર્ષથી ભાજપ નુંશાસન છે, અનેઆ ભાજપના રાજમાં આજે સમગ્ર ગુજરાતના ગામડાઓ ભાંગીનેખા લીખમ થઈ ગયા છે, ભાજપના રાજમાંગામડાઓમા સારા રસ્તાઓ પણ નથી, ગુજરાતના હજુ પણ ઘણા એવા ગામો છે ત્યાંવીજળીની પૂરતી સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી, આજે ગામડાના લોકોને પીવા માટેનું ટે સારું અનેમીઠા પાણીની પણ વ્યવસ્થા ૩૦ વર્ષે ભાજપ સરકાર કરી શકી નથી, ગામડાના ખેડૂતોનેટકાવવા માટે અને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે ખેતીવાડી માટે પિયત માટેનું ટે પાણી પણ આ ભાજપની સરકાર ઉપલબ્ધ કરાવી શકી નથી, ગામડાઓમાં સારું અનેઉચ્ચ શિક્ષણ માટેની ટે કોઈપણ વ્યવસ્થા ભાજપના રાજમાંઉપલબ્ધ નથી, શિક્ષિત યુવાનોનેરોજગારી માટેની ટે કોઈ વ્યવસ્થા ગામડે નથી, પરિણામેસારું અનેઉચ્ચ શિક્ષણ તથા રોજગારી માટે યુવાનો ગામડું છોડીનેશહેર તરફ પ્રયાણ કર્યુંછે, આજે ગામડાઓમાંઆરોગ્યની કોઈપણ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ નથી, પરિણામેલોકોનેઈલાજ કરાવવા માટે શહેરમાં જવું પડે છે, આમ ૩૦-૩૦ વર્ષના ભાજપના શાસન કાળમાં ગામડાઓ ભાંગીને ખાલીખમ થઈ ગયા છે, ત્યારે ભાજપના નેતાઓ દ્વારા ગાંવ ચલો અભિયાન દ્વારા ગામડાના લોકોને માત્રનેમાત્ર મૂર્ખબનાવવાનુંકામ કરી રહ્યા છે.

## લીલીયામાં ટ્વિન્સ બાળકોની ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોર્મલ પ્રસૂતિ કરાવી

**ઇમરજન્સી ૧૦૮ ની ટીમે નોર્મલ પ્રસુતિ કરાવી : માતા બાળક બંનેને અમરેલી સિવીલમાં ખસેડાયા**

અમરેલી,અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પિપરાવા ગામની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના સહિદાબેન ગોરધનભાઈ ભાભોર ઉંમર વર્ષ ૨૫ પ્રસુતિ ની અસહ્ય પીડા ઉપડતાં તેમના પતિ ગોરધનભાઈ દ્વારા ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ. લીલીયા ૧૦૮ એમ્બ્યુલન્સ પીપરાવા ગામ જવા રવાના થઈ. ઈએમટી દિલીપ ચિત્રોડા તથા પાઈલોટ શૈલેષભાઈ ખોરસિય જરુરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દી ને અસહ્ય પ્રસુતિ નો દુઃખાવો હતો તથા સોનોગ્રાફી તપાસકર્તા સહિદાબેનને ટવિન્સ બાળકો હતાં.

તરત દર્દી ને જરુરી એમ્બ્યુલન્સ માંલઈ અમરેલી તરફ રવાના કરવામાં આવી. દર્દી ને પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતાં ૧૦૮ ના સ્ટાફ ઈએમટી દિલીપ ચિત્રોડા એ અમદાવાદ હેડ ઓફિસ માં ડોક્ટરના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ બે બાળકોની નોર્મલ પ્રસૂતિ કરાવી હતી. ડિલિવરી સમયે એક બાળકના ગળા માં નાળ વિંટળાય ગયેલ હોવાથી બાળક રડ્યું ન હોય તાત્કાલીક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોક્ટર ની સલાહ પ્રમાણે કૃતિમ શ્વાસ આપી બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા અને બન્ને બાળકોને સારવાર સાથે અમરેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. અને માતા અને બન્ને બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ. તેમના સગા સંબંધીઓ એ ૧૦૮ ના કર્મચારી નો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ લીલીયા ૧૦૮ના સ્ટાફ ને અભિનંદન પાઠવ્યા હતા. અમરેલી જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ કોઈ પણ કટોકટી માટે તૈયાર છે. કોઈ બનાવ કે ઈમરજન્સી બને તો તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી નો સંપર્ક કરવા વિનંતી કરી છે.

### અવાર નવાર સિંહો બંદર એરીયામાં આવી ચડે છે

## જાફરાબાદમાં બંદર વિસ્તારમાં સાવજો આવી ચડતા લોકોમાં ભયનો માહોલ

**દરિયાઇ જેટી હનુમાનજીના મંદિર તેમજ બોટ માલીકોની કોઠીઓમાં પણ સિંહ જોવા મળ્યાં**



રાજુલા,(કનુભાઈ વરૂ) અવારનવાર સાવજો બંદર એરિયામાં આવી ચડતા હોય પરંતુ ફોરેસ્ટ વિભાગ ગંભીરતા લેતું નથી તા/૧૩/૦૩/૨૦૨૪ ના રોજ તલાવડી વિસ્તારમાં સિંહણ આવી તે સ્થાનિક લોકો દ્વારા પોતાના સીસીટીવી માં જોતા સિંહણ લોકો ના રહેણાંક વિસ્તારમાં હોય અને બાલકૃષ્ણ સોસાયટી તેમજ આજુબાજુના સોસાયટી માં સાવજો આવી ચડતા હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો આજે તા/૧૪/૦૨/૨૦૨૪ ના રોજ દરિયાઇ જે.ટી. હનુમાનજી ના મંદિર તેમજ બોટ માલિકો ની કાઠી ઓ માં સાવજો જોવા મળ્યા હતા માનવ વસાહત માં અવારનવાર સાવજો આવી ચડતા હોય તો ફોરેસ્ટ વિભાગ શું કરી રહી છે અગાઉ સિંહણ દ્વારા બાબરકોટ માં વાડી વિસ્તારમાં લોકો ઉપર હુમલો કરી ગંભીર રીતે ઘવાઈ હતા તેવી ઘટના ફરી પછી બનશે તો જવાબદારી કોની તલાવડી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકોના રહેણાંક મકાનો આવેલા હોય તેમજ રાત-દિવસ નાગરિકો ની અવરજવર રહેતી હોય અને સાવજો કોઈ નાગરિકો ઉપર હુમલો કર્યો તો જવાબદારી કોની લોકોના રહેણાંક વિસ્તારોમાં સાવજો આવી ચડતા લોકોમાં ભયનું વાતાવરણ ફેલાયું આ બાબતે શું ફોરેસ્ટ વિભાગ ગંભીરતા લેવામાં આવશે કે કોઈ નાગરિકો ઉપર હુમલો થાય અને કોઈ નાગરિકનું અનમોલ જીવ ગુમાવી બેઠે ત્યારે ગંભીર બનશે હાલતો લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.


**જય રામદેવ ટ્રાવેલ્સ**

ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC

વિસાવદર, ધારી, અમરેલી NON AC

વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત



ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી

મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**

અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે

સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag Easy to Cruise



દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨



સ્વાદના શોખીનો માટે ખુશખબર...

**સત્ અમર**

રાજસ્થાની સ્પે.દાલબાટી

માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ

મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯

બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ




સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી

### હવે દેશ માટે સેવા : રાજકારણથી દુર રહેલા શ્રી ધોળકિયાના ટોચના બેદાગ બીઝનેસમેનો સાથે ગાંધીનગરમાં પ્રવેશથી નવો અધ્યાય

# રાજયસભામાં ઉમેદવારી નોંધાવતા શ્રી ગોવિંદભાઇ ધોળકિયા

**નાયબ દંડક શ્રી કૌશિક વેકરિયાના કાર્યાલય ખાતે શ્રી ગોવિંદભાઇ ધોળકિયા, સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી ઇશ્વર ધોળકિયા એકત્ર થયા**

**આગામી ૨૭ ફેબ્રુઆરીએ રાજયસભાની ચૂંટણી માટે મતદાન : ઢોલ-નગારાના તાલે ચારેય ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિ**





અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર) અત્યાર સુધી ઘણા લોકો રાજકારણમાં જતા અચકાતા હતા પણ હવે રાજકીય ક્ષેત્રમાં મિસ્ટર કલીન અને લોકો અને સમાજને સતત કાંઈક આપનારાના પ્રવેશથી આપણા રાજકારણમાં નવો અધ્યાય આલેખાશે કારણકે હવે દેશ માટે સેવાના ધ્યેય સાથે અત્યાર સુધી રાજકારણથી દુર રહેલા ડાયમંડ કિંગ શ્રી ગોવિંદભાઇ ધોળકિયાના ટોચના બેદાગ બીઝનેસમેનો સાથે ગાંધીનગરમાં રાજયસભાની ઉમેદવારી માટે આજે પ્રવેશથી નવો અધ્યાય શરૂ થઈ રહયો છે આજે ચાર સભ્યો સાથે રાજયસભામાં ઉમેદવારી નોંધાવતા શ્રી ગોવિંદભાઇ ધોળકિયાની ઉમેદવારીથી અમરેલી જિલ્લામાં અને લાઠી પંથકમાં તથા હિરા ઉદ્યોગમાં હર્ષની લાગણી વ્યાપી છે.આજે ગાંધીનગર ખાતે નાયબ દંડક શ્રી કૌશિક વેકરિયાના કાર્યાલય ખાતે શ્રી ગોવિંદભાઇ ધોળકિયા, સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી ઇશ્વર ધોળકિયા એકત્ર થયા હતા. જ્યાંથી શ્રી ગોવિંદભાઇ ધોળકિયાએ રાજયસભાનાં અન્ય ઉમેદવારો સાથે વિધિવત ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા કરી હતી. આગામી ૨૭ ફેબ્રુઆરીએ રાજયસભાની ચૂંટણી માટે મતદાન થનાર છે. ઢોલ-નગારાના તાલે ચારેય ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી ત્યારે તેમની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહયા હતા.

### મદદ કાર્યાલયના માર્ગદર્શન નીચે

## બાબરા તાલુકા કક્ષાએ સાંસદ ખેલ સ્પર્ધા યોજાઇ

**વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, ભાજપ કાર્યકરો સહિતની ઉપસ્થિતીમાં ખેલાડીઓને પ્રોત્સાહન**

બાબરા,(દિપક કનૈયા)

દેશના સૌથી લોકપ્રિય વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્ર ભાઈ મોદીજીના વિચારોથી શરૂ થયેલ સાંસદ ખેલસ્પર્ધા અમરેલી જિલ્લાના પનોતા પુત્ર અને કેબિનેટ મંત્રી શ્રીમાન પરસોત્તમભાઈ રૂપાલાજીના 'મદદ' કાર્યાલયના માર્ગદર્શન નીચે ચાલતો સાંસદ ખેલ સ્પર્ધા બાબરા તાલુકાનો કાર્યક્રમ બાબરા શહેર કમરશી હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમના બન્ને ઈન્ચાર્જ રામભાઈ સાનેપરા અને મુકેશભાઈ ખોખરિયા સ્ટાફ કન્નવિનર માસ્તર જીગ્નેશ ભાઈ મેતલીયા..અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી રામભાઈ સાનેપરા.જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ બસિયા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા મહામંત્રી બીપીનભાઈ રાદડિયા પૂર્વ નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલીયા ,કોષાધ્યક્ષ રસિકભાઈ ગોજારીયા તેમજ શિક્ષકગણ તેમજ ખેલાડીઓ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### સેવા ધર્મની જયોત અખંડ રાખનાર

## ગોહિલવાડના ગુરૂઆશ્રમ બગદાણાના મોભી શ્રી મનજીબાપાનો પાર્થીદેહ પંચમહાભુતમાં વિલીન

**ધાર્મિક, સામાજિક, રાજકીય તેમજ વિવિધ ક્ષેત્રનાં આગેવાનો અને સેવકોએ અંતિમ વિધીમાં જોડાઇ શ્રધ્ધાંજલી પાઠવી**



અમરેલી,

ગોહિલવાડના સુપ્રસિધ્ધ અને ધર્મની જયોત જાગતી રાખનાર પ્રસિધ્ધ ગુરૂઆશ્રમ બગદાણાના મોભી શ્રી મનજીબાપાનો દેહ વિલય થતાં ગઈ કાલે અંતિમ દર્શન માટે પાર્થીવદેહને રખાયા બાદ આજે બપોર પછી સદગતની અંતિમ યાત્રા નિકળ્યા બાદ પાર્થીવ દેહ પંચ મહાભુતમાં વિલીન થઈ ગયો હતો. ધાર્મિક સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ ભાવિકો, સેવકોએ અંતિમ સંસ્કાર વિધિમાં જોડાઈ અંજલી પાઠવી હતી.

## ઘરમાં મેલુ છે તે જીવવા નહી દે... જો શરીર સંબંધ નહીં બાંધે તો તારા દિકરાનો જીવ જતો રહેશે તેમ કહી

# તાંત્રિક વિધીના નામે સવા ત્રણ લાખ પડાવી રાજકોટની પરિણીતાને શરીર સબંધ બાંધવા માટે મજબુર કરી દીધી

**છ વ્યકિતએ અમરેલી, રાજકોટ, વિસાવદર, સીમરણ અને સાવરકુંડલામાં યુવતિની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી કરેલુ કારસ્તાન : અમરેલી તાલુકા મથકમાં ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

ઘરમાં મેલુ છે તે જીવવા નહીં દે જો શરીર સબંધ નહીં બાંધે તો તારા દિકરાનો જીવ જતો રહેશે તેમ કહીં તાંત્રિક વિધીના નામે ૩ લાખ ઉપરાંતની રકમ પડાવી રાજકોટની પરિણીતાને શરીર સબંધ બાંધવા મજબુર કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ છે. આ બનાવ અંગે જણવા મળતી વિગત અનુસાર આજે ૨૧મી સદીમાં પણ કેટલાક લોકો અંધ શ્રધ્ધામાં ભોગ બની રહ્યા છે. જેમાં રાજકોટ પિયરમાં રહેલ મહિલાને આરોપીઓએ એકબીજા સાથે મળી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ગુનાહિત કાવતરૂ રચી મહિલાના ઘરમાં મેલુ છે તે તેમને જીવવા નહી દે વ્હેમમાં મનમાં ઉભો કરી, મહિલા તથા તેમના મમ્મી પપ્પાને વિશ્વાસમાં લઈ રાજકોટ, અમરેલી, વિસાવદર, સીમરણ, સાવરકુંડલા જેવી જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે તા.૧૪-૨ના રાત્રીના સમયે મેલુ દુર કરવાની તાંત્રિક વિધીના નામે કુલ રૂા.૩,૧૩,૦૦૦ પચાવી પાડી વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી કરી, આ પૈસા પડાવવા ઘરમાં મેલુ છે તે તેમને જીવવા નહીં દે તેવો ડર અને ધમકી બતાવી મુકેશ ભેસાણીયા, રાધિકાબેન મુકેશભાઈ ભેસાણીયા રહે. અમરેલી, સુનિલ રાવળ રહે. વિસાવદર, દિનેશ રીબડીયા રહે. વિસાવદર, અજાણ્યો ભુવો રહે. વિસાવદર, ભારતીબેન પ્રકાશભાઈ ગોંડલીયા રહે. રાજકોટ વાળાએ ડર અને ધમકી બતાવી મહિલા સાથે શરીર સંબંધ બાંધવા તેને ડારવી જો શરીર સંબંધ નહીં બાંધે તો તેના દિકરાનો જીવ જતો રહેશે. તેવી બિક બતાવી ધમકી આપી મહિલા સાથે મુકેશે મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી જુદી જુદી જગ્યાઓએ અન્ય ૬ વ્યકિતઓ સાથે પણ શરીર સંબંધ બાંધવા માટે મુકેશ તથા તેમના પત્નિ રાધિકાબેને મહિલાને મજબુર કરી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બંધાવી અવાર નવાર બળાત્કાર કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. આર. જી. ચૌહાણે સંભાળી આરોપી મુકેશ ભેસાણીયા, રાધિકાબેન મુકેશભાઈ ભેસાણીયા રહે. અમરેલી, સુનિલ રાવળ રહે. વિસાવદર, દિનેશ રીબડીયા રહે. વિસાવદરવાળાની અટકાયત કરી હતી. જયારે અજાણ્યો રહે.વિસાવદર, ભારતીબેન પ્રકાશભાઈ ગોંડલીયા રહે. રાજકોટ તથા તપાસમાં ખુલે તે વ્યકિતઓની અટકાયત કરવા માટે ચક્રોગતિ માન કર્યા છે.

**અમરેલીના શખ્સે પોતાની પત્નીની મદદ લઇ પારકી પરિણીતાને ઝાળમાં ફસાવી જુદા જુદા સ્થળોએ લઇ જઇને મજબુરીનો ફાયદો ઉઠાવી પીંખી નાખી : અમરેલી તાલુકા પોલીસે ચારની ધરપકડ કરી**

### નામ બદલાવેલ છે

આથી હું વ્યાસ અલ્કાબેન જયદીપભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ વ્યાસ અલ્કાબેન જૈયદીપ માંથી બદલાવીને વ્યાસ અલ્કાબેન જયદીપભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું વ્યાસ અલ્કાબેન જયદીપભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : વ્યાસ અલ્કાબેન જયદીપભાઇ
એડ્રેસ : હરિઓમ, ચિતલ રોડ, તપોવન મંદિર સામે, ગામ : અમરેલી, જી.અમરેલી - ૩૬૫૬૦૧

### નામ બદલાવેલ છે

આથી હું વ્યાસ જયદીપભાઇ કાંતિલાલ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ વ્યાસ જૈયદીપ કાંતિલાલ માંથી બદલાવીને વ્યાસ જયદીપભાઇ કાંતિલાલ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું વ્યાસ જયદીપભાઇ કાંતિલાલ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : વ્યાસ જયદીપભાઇ કાંતિલાલ
એડ્રેસ : હરિઓમ, ચિતલ રોડ, તપોવન મંદિર સામે, ગામ : અમરેલી, જી.અમરેલી - ૩૬૫૬૦૧

### લગ્નગ્રંથીથી જોડાયા છીએ



આથી અમો નીચે સહી કરનાર સંદીપ મુકેશભાઈ મકવાણા રહે.બાબરા અને પ્રિતીબેન મહેશભાઈ વાઘેલા રહે. પાલડી તા.ગારીયાધાર અમો બંને જાહેર કરીએ છીએ કે અમો તા.૧૫-૨-૨૪ ના રોજ કામનાથ મહાદેવ અમરેલી ખાતે રાજી ખુશીથી લગ્નગ્રંથીથી જોડાયા છીએ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. તેમજ અમરેલી નગરપાલિકામાં લગ્નની નોંધણી કરાવેલ છે.

સહી.સંદીપ મુકેશભાઇ મકવાણા
પ્રિતીબેન મહેશભાઇ વાઘેલા




Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી


### સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી

અપીલ રજી. નં. ૩૬-૨૦૨૪
અરજદાર : શ્રી જયાબેન ચીમનલાલ મકવાણા રહે.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી સચિન જી.મહેતા
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી નગરપાલિકા અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી જયાબેન ચીમનલાલ મકવાણાએ તેઓના પુત્ર કિશોર ચીમનલાલ મકવાણાનો જન્મ તા.૧૬-૦૪-૧૯૮૨ ના રોજ થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૧૫-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અમરેલી

### સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં

જન્મ નોંધ અરજી રજી.નં.૩૫/૨૦૨૪
અરજદાર :- શ્રી પરશોતમભાઇ કેશુભાઇ ચોટલીયા રહે. સાવરકુંડલા, જી.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી ઇકબાલ એ.સમા
વિરૂધ્ધ :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા સાવરકુંડલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનાં મારૂતીનગર, અમરેલી રોડ, સાવરકુંડલા ગામના રહીશ શ્રી પરશોતમભાઈ કેશુભાઈ ચોટલીયાએ તેમના બહેનનો જન્મ સાવરકુંડલા મુકામે તા.૦૬-૦૩-૧૯૬૬ ના રોજ થયેલ છે જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા જે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી પરશોતમભાઈ કેશુભાઈ ચોટલીયાના બહેન શ્રી કાંતાબેન કેશુભાઈ ચોટલીયાના જન્મનની નોંધ જન્મ રજીસ્ટરમાં સને ૧૯૬૬ માં જોતા થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખ્યાતર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૦-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે તો વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

### -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી જાહેર જનતાને જાણ કરી ખબર આપવામાં આવે છે કે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સનાળીયા ગામના ખેડ ખાતા નંબર-૨૭૦, રે. સ. નં, -૧૧૪, હે. ૦-૪૦-૦૦, આ. ચો.મી. તથા રે.સ.નં.૧૨૧ પૈકી ૨, હે.૦-૮૧-૪૨ આ.ચો.મી. આ ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી ચાવડા રૂપાભાઇ સોમાભાઇ રહે. મોટા માંડવડા, તા.બગસરા, જી.અમરેલી, તેમજ ખેડ ખાતા નં.-૧૮૬, રે.સ.નં.-૧૧૫, હે. ૧-૪૦-૦૦ આ. ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી ગઢિયા ભીખાભાઇ નારણભાઇ વિગેરે-૩ રહે.અમદાવાદ, ઠે.નિકોલની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોક્ત ખેતીની પિયતવાળી જમીન મારા અસીલ શ્રીમાન પરેશકુમાર વજુભાઇ વાડદોરિયા રહે.અમરનગર, તા.જેતપુર, જી.રાજકોટએ સદરહું ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ હોય, જેથી સદરહુ ખેતીની જમીનના માલીકી, કબજા, ટાઇટલ કે વેચાણ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, હકક, હિત, હિસ્સો, સબંધ લાગભાગ, બક્ષીસ, ભાગીદારી, દર દાવો, ગીરો, લીયન, ચાર્જ કે અન્ય કોઈ પણ પ્રકારનો લીઝ, લાયસન્સ, કબજા ભોગવટો, ભરણ પોષણ, ખોરાકી પોષાકી, નીભાવ, રહેણાંક કે ડેવલપમેન્ટ, વારસાઈ, ભાડુઆત હકક કે કબજેદાર કે હિસ્સેદાર કે લેણદાર કે અન્ય કોઇ પણ પ્રકારના હકકો કે અન્ય કોઇ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ - ૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી, જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હીસ્સો, દર દાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે અને સદરહું જમીન ટાઇટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ ખરીદનાર તરીકે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા અંગેની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. મુદત વિત્યા બાદના કોઇના કોઇપણ પ્રકારના વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૧૬/૦૨/૨૦૨૪

સરનામું :- C/o. દેવ કોમ્પ્યુટર - વડિયા,
મુ. - વડિયા, ઠે, સુરગપરા,જુના બસ સ્ટેન્ડ રોડ,
તા.વડિયા - કુંકાવાવ, જી.અમરેલી.મો.નં.૯૪૨૬૭ ૮૨૯૮૩


☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥


ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...
- વિકટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્કઃ પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેકટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ: સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૧૬-૨-૨૦૨૪ શુક્રવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### મધ્યમ વર્ગ સોસાયટી નજીક ફોરેસ્ટ કોલોનીની બાજુમાં

# રાજુલામાં રિધ્ધી સિધ્ધી ગજાનંદનો પાટોત્સવ યોજાયો

**રિધ્ધી સિધ્ધી ગજાનંદ મહારાજના ૭માં પાટોત્સવ નિમિતે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા**

**ગણપતિદાદા મોરૈયાનો નાદ ગુંજી ઉઠયો : કાર્યક્રમમાં અનેરૂ ધાર્મિક વાતાવરણ સર્જાયું : જનમેદની ઉમટી**

**પાટોત્સવમાં યજ્ઞમાં બીડુ હોમાયા બાદ બહેનોએ રાસની રમઝટ બોલાવી : શાસ્ત્રીજી દ્વારા મંત્ર પાઠ**

**પટોત્સવ નિમિતે મહાપ્રસાદનો અનેક ભાવિકોએ લાભ લીધો : સંતો મહંતો અને ભાવિકોની ઉપસ્થિતિ**



રાજુલા, રાજુલામાં મધ્યમ વર્ગ સોસાયટી ફોરેસ્ટ કોલોની બાજુમાં રાજુલા માં તારીખ ૧૩ મહાસુદ ચોથ ને મંગળવાર ના દિવસે રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મહારાજ નો સાતમો પાટોત્સવ રાખવામાં આવેલો હતો આ પાટોત્સવ માં સોસાયટીના તમામ રહીશો તેમજ તમામ ધર્મ પ્રેમી ભાઈયો તથા બહેનો બહોળી સંખ્યામાં હાજર રહી આ પાટોત્સવને ધામધૂમથી ઉજવણી કરી ગણપતિ બાપા મોરિયા ના નાદ સાથે વાતાવરણ ધર્મમય બની ગયું અને કાર્યક્રમ માં બીડુ હોમવાનો સમય ૪:૩૦ કલાકનો રાખેલ હતો બીડુ હોમિયાબાદ બહેનોએ રાસ રમી પાટોત્સવની ઉજવણી કરી હતી શાસ્ત્રી શ્રી નીલકંઠ દાદા ના મુખેથી મંત્રો પાઠ કરી વાતાવરણ ધર્મમ્ય બનાવી દીધું હતું તેમજ હર વર્ષની જેમ આ વર્ષે પણ મહાપ્રસાદ નું આયોજન રાખવામાં આવેલ હતું. મહાપ્રસાદ લેવા સોસાયટીના તમામ રહીશો ખૂબ મોટી સંખ્યામાં મહાપ્રસાદનો લાભ લીધો હતો

### શહેરમાં રસ્તો પહોળો કરવા મંજુરી મંગાતા

## રાજુલામાં રેલ્વે દ્વારા રસ્તા પહોળા કરવા પાલિકાને મંજુરી અપાઇ

**શહેરની હોસ્પિટલથી યાર્ડ સુધીનો રસ્તો પહોળો કરાશે : ભેરાઇ રોડ અને છતડીયા રોડ પર ટ્રાફિક સમસ્યાઓ સર્જાતી હતી**

રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા ભેરાઈ રોડ અને છતડીયા રોડ ઉપર ભારે ટ્રાફિક સર્જાતી હતી ત્યારે રેલ્વેની જગ્યા નગરપાલિકા દ્વારા માંગવામાં આવી હતી તેને આ રેલવેની જગ્યામાં બાંધકામ ખુલ્લું કરીઅને નગરપાલિકાને રસ્તો કાઢવા માટે મંજૂરી આપતા શહેરીજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. રાજુલા માર્કેટિંગ યાર્ડના નજીક આવેલી ગોળાઈમાં અસંખ્ય સોસાયટીઓ તેમજ ટીપાઓ પોર્ટ જવા માટેના રસ્તાઓ સંકળાયેલા છે અહીં સાંકડી જગ્યાના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાતી હતી. આ બાબતે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ તેમજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ દ્વારા સંસદ સભ્ય નારણભાઈ કાછડીયા ને રજૂઆત કરતા તેણે રેલવે વિભાગમાં મંજૂરી માટે નગરપાલિકાએ પત્ર પાઠવ્યો હતો અને આર ડી એમ સહિતના અધિકારીઓએ સ્થળનિરીક્ષણ થોડા સમય પહેલા કર્યા હતું અને આ જગ્યા ખુલ્લી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આ માર્ગ ઉપર રાજુલા છાતડીયા રોડ રાજુલા પહેરાઈ રોડ અને પીપાવાવ પોટ જવા માટેનો અહીંથી રસ્તો છે અને ૨૫ જેટલી નાની મોટી સોસાયટીને જોડતો રસ્તો છે અહીં સર્જાતી ટ્રાફિક સમસ્યાના હિસાબે વારંવાર અકસ્માતો સર્જાતા હતા ત્યારે આજે રેલવે વિભાગ દ્વારા રાજુલા નગરપાલિકાને હોસ્પિટલથી લઈ અને માર્કેટિંગ યાર્ડ સુધીના રેલવેની જગ્યામાં દબાણો દૂર કરી આ જગ્યા પોળી કરવા માટે અને સીધો રસ્તો બનાવવા માટે મંજૂરી આપતા રાજુલા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આ ઐતિહાસિક નિર્ણય થતા રાજુલાના વેપારીઓ બકુલભાઈ વોરા ગૌરાંગભાઈ મહેતા જીગ્નેશભાઈ ત્રિવેદી સહિતના વેપારીઓએ રેલવેની મંજૂરી મળ્યા બાદ હવે તાત્કાલિક અસરથી કાર્યવાહી શરૂ કરવામાં આવે તેવી માંગણી કરી અને ધારાસભ્ય તેમજ સંસદ સભ્ય શ્રી નો આભાર માન્યો હતો.

### સૌરાષ્ટ્રની દેહાણ પરંપરાની જગ વિખ્યાત જગ્યા

## વિહળધામ પાળીયાદનાં સ્થાપક પુજય શ્રી વિસામણબાપુના પ્રાગટય દિને વંદના કરાઇ

**ભજન ભોજન અને ભક્તિથી શરૂ કરેલી સેવા ગંગા આજે પણ પાળીયાદમાં અવિરત**



રાજુલા, (કનુભાઈ વરૂ)

સૌરાષ્ટ્ર ની દેહાણ પરંપરા ની જગ વિખ્યાત જગ્યા વિહળધામ પાળીયાદ ના સ્થાપક અને ઠાકર શ્રી પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુ ના પ્રાગટ્ય ને આજે વસંત પંચમી ના શુભ પવિત્ર દિવસે ૨૫૬ વર્ષ થયા જેમણે નાનપણ થી જ દિન દુખીયા અને વટે માગ્ર્યુ માટે અન્નક્ષેત્ર શરૂ કરી અને ભજન તેમજ ભોજન ની સેવા ગંગા શરૂ કરી આજ દિન સુધી આ અવિરત કાર્ય એમની કૃપા થી સદાય શરૂ છે કળયુગ મા પણ જેમના પરચા અપરંપાર છે એવા ઠાકર શ્રી વિહળાનાથ ની ૨૫૬ મા પ્રાગટ્ય દિવસે એમના ચરણોમાં કોટી કોટી વંદન.

## અદાણી ગ્રીને દુનિયાના સૌથી વિરાટ રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી વીજ ઉત્પાદન શરુ કર્યું

**કચ્છના ખાવડા ખાતે ૫૫૧ મેગાવોટની ક્ષમતા કાર્યાન્વિત કરી નેશનલ ગ્રીડને પુરવઠો આપવાનો આરંભ કર્યો**



અમદાવાદ, (રાજેશ મહેતા) ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અને વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સોલાર પીવી વિકાસકાર અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)એ ગુજરાતના ખાવડામાં ૫૫૧ મેગાવોટની સૌર ક્ષમતા કાર્યરત કરી નેશનલ ગ્રીડને વીજ પુરવઠો પૂરો પાડવાનો આરંભ કર્યો છે. ખાવડામાં રીન્યુએબલ એનર્જી પાર્કમાં કામ શરુ કર્યાના એક વર્ષમાં જ અદાણી ગ્રીને રસ્તાઓ અને કનેક્ટિવિટી સહિતની પાયાની માળખાકીય સુવિધાઓના વિકાસ સાથે અને સ્વ-ટકાઉ સામાજિક ઈકોસિસ્ટમ બનાવવાની શરૂઆત કરી આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, કંપનીએ કચ્છના રણના પડકારજનક અને વેરાન પ્રદેશને પણ પોતાના ૮,૦૦૦-મજબુત કર્મચારીઓ માટે રહેવા યોગ્ય વાતાવરણમાં પરિવર્તિત કર્યું છે. અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, 'અદાણી ગ્રીન એનર્જી સૌર અને પવન માટે વિશ્વની સૌથી વ્યાપક રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમ બનાવી રહી છે. ખાવડાનો આ રીન્યુએબલ એનર્જી પાર્ક દર વર્ષે એક કરોડ સાંઈઠ લાખથી વધુ આવાસોમાં પ્રકાશના અજવાળા પાથરશે. આ પ્રદેશ દેશના શ્રેષ્ઠ પવન અને સૌર સંસાધનોથી સમૃધ્ધ છે, જે રીન્યુએબલ એનર્જીના ગીગા-સ્કેલ વિકાસ માટે આદર્શ સ્થિતિ બનાવે છે. અદાણી ગ્રીનએ પ્લાન્ટના વિકાસને વેગ આપવા માટે વ્યાપક અભ્યાસ હાથ ધરીને બહુવિધ નવીન ઉકેલોનો ઉપયોગ કર્યો છે. રમિયાનમાં તે સ્વદેશી અને ટકાઉ પુરવઠાની કડીના વિકાસને બળવત્તર બનાવે છે.

## સફળતા પાછળદોડતા માનવીની કથા એટલે ગુજરાતી ફિલ્મ નાસુર



અમદાવાદ, (રાજેશ મહેતા) સફળતા પાછળ દોડા-દોડી કરતા માનવીની વાત કહેતી મનોજ આહિર પ્રોડકશન સ્ટોરી ટેલ ફિલ્મ પ્રસ્તુત ગુજરાત ફિલ્મ નાસૂર. ધંધાકીય હરીફાઈમાં સફળતા મેળવવા દોડતો માણસ છેવટે લાગણીને સંબધો માટે તરસતો જોવા મળે છે. પૈસા-પાવરને નામના પાછળ દોડતો માણસ જયારે એકલતા અનુભવે છે ત્યારે એકલતાનો ઘા નાસૂર બની જાય છે. એ નાસૂરને રૂઝાવવા લાગણી પ્રેમનો સંબધોની જરૂર પડે શલં આ લાગણી - પ્રેમ એને મળશે ? એનો નાસૂર બની ગયેલો ઘા રૂજાશે? આવી અદભુત કથાનક વાળી ફિલ્મ નાસૂર કાજલ મહેતા એ લખી છે તો રીષીલ જોષી એ ડિરેકટર કરી છે. જયારે કનોડીયા - નિલમ પંચાલની જોડીએ અદ્ભુત અભિનય કર્યો છે. સાથે ડેનીશા ઘુમરા, હિના વર્ડે, હેમિન ત્રિવેદી, વૈશાખ રતનબેન રાઠોડને વિશાલ ઠક્કર જોવા મલશે. હિતુ કનોડીયાને નિલમ પંડયાનો અભિયન પળે-પળે હવે શું થશે? નો અનુભવ કરાવે છે ટુંકમાં રૂપિય પાછળ દોડતા માણસને નાસૂર બની ગયેલા ઘા રૂઝવવા માટે લાગણી-પ્રેમી મલમ મળશે ખરો ? એ જોવા નાસૂર ફિલ્મ જોવી જ રહી.

### ૧૪ ફેબ્રુઆરી એટલે બલિદાન દિવસ

## અમરેલીના દેશપ્રેમી પેઇન્ટર ડી. જી. મહેતા દ્વારા ઝુંપડપટ્ટીના બાળકોને ફુડ પેકેટા વિતરણ કરાયા

**બલિદાન દિવસે શહિદોના માનમાં શ્રધ્ધાંજલી અર્પણ કરી**



અમરેલી, આપણને માત્ર એટલી જ ખબર છે કે ૧૪ ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન દિવસ પણ હકીકત બહુ ઓછા જાણે છે. આપણી સંસ્કૃતિ સંસ્કાર અને સનાતનને ધ્યાને લઈએ તો આ દિવસ છે વીર સૈનિકોએ પોતાની શહીદી વહોરીને દેશની રક્ષા કરીને સુરક્ષિત રાખેલ છે. તે વીર શહીદોના બલિદાનને સલામી આપવાનો દિવસ છે. અમરેલીના રાષ્ટ્ર અને ધર્મપ્રેમી શ્રી પેઈન્ટર ડીજી મહેતા આ દિવસે વીર શહીદોના માનમાં ઝુંપડ પટ્ટીના બાળકોને. ફ્રુટ અને ફૂડ પેકેટ વિતરણ કરીને. શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. સૌ ભારતીયોએ એક વખત આપણા અંતરાત્માને પૂછી આ દિવસની ઉજવણી કરવી જોઈએ અને પુલવામાં આ દિવસે શહીદ થયેલા વીર સૈનિકોને કદી ના ભૂલીએ તેમ ડીજી મહેતાએ જણાવ્યું છે.

### યુવા નેતા શ્રી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

## સાવરકુંડલામાં અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલાઓ-યુવકોનો સહકારી સેમિનાર યોજાયો

**શ્રી જયંતીભાઇ પાનસુરીયા, શરદભાઇ પંડયા, જીવનભાઇ વેકરીયા, મેહુલભાઇ ત્રિવેદી સહિતની ઉપસ્થિતિ**



અમરેલી, ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ના સહયોગ થી અમરેલી જીલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ અને યુવા નેતા શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા અને યુવક સહકારી સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ૧૮૩ યુવકો - યુવતી ઓએ ભાગ લીધો હતો. જયારે અમર ડેરી ના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલીયા અમરેલી જીલ્લા સહકારી ખરીદ - વેચાણ સંઘ ના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા અમરેલી જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શ્રી શરદભાઈ પંડ્યા સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ શ્રી જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા નગર પાલિકા અધ્યક્ષ શ્રી મેહુલભાઈ ત્રિવેદી સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી વિજયભાઈ વાઘેલા, મહામંત્રી શ્રી રાજેશભાઈ નાગ્રેચા, નગર પાલિકા ના સદસ્ય શ્રી અજયભાઈ ખુમાણ પૂર્વ નગર પાલિકા અધ્યક્ષ કોટીલાભાઈ સાવરકુંડલા શહેર યુવા મોરચા ના અધ્યક્ષ શ્રી અનીરૂધ્ધભાઈ રાઠોડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ કાર્યક્રમ નું સંચાલન વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા ના આચાર્ય શ્રી શૈલેષભાઈ રવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આ કાર્યક્રમ માં સહકારીતાના તજજ્ઞ નો દ્વારા યુવક અને યુવતીઓ ને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. કાર્યકમ ના અંત માં તમામ સહભાગી ઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યકમ ને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લા સહકારી સંઘ ના એકઝીકયુટીવ શ્રી ભાર્ગવ ત્રિવેદી, શ્રી જીતુભાઈ ભડોદરિયા, શ્રી રૂપલ સીસણાદા, શ્રી સાગર મહેતા અને કર્મચારી ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

### ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન દ્વારા યોજીત

## ગ્રીષ્મ મહોત્સવમાં રાજયકક્ષાએ તૃતીય સ્થાન મેળવ્યું

**ક્રિશા જયેશભાઇ જોષીનું જીઆઇઇટીના નિયામક દ્વારા સન્માન**

અમરેલી, ગ્રીષ્મોત્સવ ૨૦૨૩ માં વકતૃત્વ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્ય કક્ષાએ ક્રિશા જોશી તૃતીય સ્થાન મેળવ્યું છે. ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ દ્વારા આયોજીત ગ્રીષ્મોત્સવ કાર્યક્રમ ૨૦૨૩ માં વક્તૃત્વ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યકક્ષાએ તૃતિય સ્થાન મેળવી વિજેતા થવા બદલ ક્રિશા જયેશભાઈ જોશીનું GIET ના નિયામકશ્રી માનનીય એમ. કે. રાવલ સરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ આગાઉ પણ વકતૃત્વ સ્પર્ધા, ભરત નાટ્યમ , શિવ તાંડવનૃત્ય, વગેરે જેવી સ્પર્ધાઓમાં પણ વિજેતા બની સન્માન પ્રાપ્ત કર્યું હતું. રાજય કક્ષાએ તૃતિય સ્થાન મેળવવા બદલ શાળા પરિવાર, માતા પિતા અને સ્નેહીજનો ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### સિનિયર સીટીઝન સોસાયટી અમરેલી દ્વારા

## સિનિયર સીટીઝનોને સાસણગીર, દેવળીયાનો પ્રવાસ કરાવાયો

**સાસણ ઓમકાર ફાર્મ ખાતે વોટરપાર્કમાં મજા માણી સમુહ ભોજન લીધું**



અમરેલી,
સિનિયર સિટીઝન સોસાયટી અમરેલી દ્વારા સાસણગીર તથા દેવળીયા પાર્કની મુલાકાત નું આયોજન કરવામાં આવ્યું હતું સૌ વડીલો સવારમાં વહેલા નીકળી સાસણમાં ૐકાર ફાર્મ ખાતે ફર્યા હતા બાદમાં સૌ વોટરપાર્ક માં ધુબાકા મારી સરસ મજાનું ભોજન લીધું અને ત્યાંથી સૌ દેવળીયા પાર્કની મુલાકાત લઈ આનંદ કર્યો હતો ટોમભાઈ અગ્રાવત, ચંપકભાઈ પટેલ, જગદીશભાઈ જોષી, કિરણભાઈ, ભારતીબેન પંડ્યા , વગેરે સૌને આનંદ કરાવી રાત્રે પરત આવી ગયા હતા તેમ કનુભાઈ જોષી સેક્રેટરી ની યાદી માં જણાવ્યું છે.

## અમરેલીના સારહી તપોવન આશ્રમમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

**ભાજપ અ.જા. મોરચાના પ્રમુખ હિતેષભાઇ સેજુએ યજ્ઞમાં આહુતિ આપી**



અમરેલી, સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ર-દ્રષ્ટા શ્રી મુકેશભાઈ સંઘાણી નાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમ નું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, તેમાં આજ રોજ તા.૧૧/૦૨/૨૦૨૪ નાં રોજ સારહી પરીવાર ના સભ્યશ્રી અ.જા. મોરચા ના પ્રમુખશ્રી હિતેશભાઈ સેજુ નાં સહ પરિવાર ને ગાયત્રી યજ્ઞમા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરવામાં આવેલ. (ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલી નાં પરિજનો શ્રી દિનેશભાઈ ઠાકર એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો), આ તકે સારહી પરીવાર વતી સારહી યુથ કલબ ના પ્રમુખશ્રી - લોક સેવકશ્રી મુકેશભાઈ સંઘાણી, નગર પાલિકા પૂર્વ કારોબારી ચેરમેન શ્રી સુરેશભાઈ સેખવા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોલિયા, શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રી તુષારભાઈ જોષી, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખશ્રી ભગીરથભાઈ ત્રિવેદી, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખશ્રી મુકુંદભાઈ મહેતા સહિત ના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ છે.

## લોકોને રસ્તા પ્રશ્ને કોઇ મુશ્કેલી ના પડે તે માટે નાયબ દંડકશ્રી વેકરીયાના પ્રયાસો સફળ

# વડિયા-અમરનગર રોડ ૨ કરોડના ખર્ચે બનાવાશે

### વડીયા અમરનગર રોડ બનાવવા ૨ કરોડ મંજુર થતાં રોડ કામનો જોબ નંબર અપાવતા નાયબ મુખ્યદંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા : લોકોમાં ખુશી વ્યાપી



અમરેલી,

અમરેલીના યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન

### માર્ગમકાન વિભાગના પંચાયત હસ્તકના રિસર્ફેશના રસ્તાના કામો અને જિલ્લાના રસ્તાનું રિકાર્પેટ કામ ટુંક સમયમાં હાથ ધરવા તંત્ર દ્વારા માટે આયોજન કરાયું

વિભાગનાં પંચાયત હસ્તકના વડિયા - અમરનગર રોડ, અંદાજિત ૪.૦૦ કિલોમીટર રસ્તાના રિસરફેસના કામ માટે રૂપિયા ૨ કરોડની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાના આ રસ્તાનું રિકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુક્તિ મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

છેલ્લા પાનાનું.

**લોક અદાલત**

અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિક ને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાનલાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે. આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટ માં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસ નો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સત્તા મંડળ ની વેબસાઈટનો સંપર્ક કરવો તેમ ફુલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીએ જણાવ્યું છે.

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૩૭-૨૦૨૪............મુ.તા.૧૪-૦૩-૨૦૨૪
અરજદાર : આરીફ જમાલભાઈ બોળાતર રહે.ડેડાણ, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ડેડાણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર આરીફ જમાલભાઈ બોળાતરનો જન્મ તા. ૦૧-૦૬-૧૯૭૨ નારોજ ગામ ડેડાણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૪-૦૩-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૪-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |


**સંકુલ ધો. ૧૨ નવા પ્રવેશ શરૂ - આર્ટસ કોમર્સ સાયંસ**

★ આર્ટસ વિષય જુથ (૧) મનોવિજ્ઞાન – રાજ્યશાસ્ત્ર – ઈતિહાસ – ભુગોળ (૨) મનોવિજ્ઞાન – રાજયશાસ્ત્ર – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર
★ કોમર્સ & સાયંસ – ગુજરાતી મિડીયમ & ઈંગ્લીશ મિડીયમ – A & B ગ્રૃપ
★ ધો. ૧૨ નાં પ્રથમ સત્રની સ્કૂલ & હોસ્ટેલની એડવાન્સ ફી ભરવી – હાજર થવુ.
★ છમાસિક ફી – આર્ટસ ૩૯૦૦ • કોમર્સ GM ૪૩૦૦ – EM ૬૫૦૦ • સાયંસ GM ૧૨૨૦૦ – EM ૧૨૨૦૦ • હોસ્ટેલ – ૧૧૯૦૦ (ડેઈલી ટેસ્ટ & રીપીટેડલી વ્યવસ્થા)
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 083

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
**ડૉ. દેવાંગ બી. પંડયા**
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
**Align દાંતની હોસ્પિટલ**
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle – કેશ બોનસ ₹2100
Super Splendor Xtec – કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) – કેશ બોનસ ₹2100
Xoom & Pleasure – એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero – ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf
Car Stand | Wall Decor Frame | Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in

**બંગલા ટાઈપ જુના / નવા મકાન વેચવાના છે.**
■ સંકુલ રોડ ઉપર શુભલક્ષ્મીમાં ૧ વસામાં મજબુત બાંધકામવાળુ ફર્નિચર સાથે મોટુ મકાન.
■ કે.કે.પાર્કમાં અંદરની બાજુએ 4 BHK સોલાર-સબમર્સીબલ સાથેનું ઉત્તર દ્વાર.
■ પ્રમુખ સ્વામી મેઈન રોડ ઉપર 3 BHK ફર્નિચર સાથેનો નવો બંગલો.
■ વૃન્દાવનમાં ૨૦×૫૦ ના પ્લોટમાં 4 BHK પૂર્વ ઉત્તર કોર્નર બાજુ જુનું મકાન.
■ ગીરધરનગરમાં તદ્દન નવા જ પૂર્વ દ્વારના 3 BHK મકાન અરજન્ટ વેચવાના છે.
■ શ્રી રંગ સોસાયટી (ચિતલ રોડ) મજબુત બાંધકામવાળો વિશાળ બંગલો
■ સંકુલ રોડ ઉપર ૫૦×૫૦ નો પ્લોટ + ૪ દુકાન કોર્નરની કસમાં ફુકવાની
■ લાઠી રોડ ઉપર 1 BHK ફ્લેટ ૯ લાખ તથા 2 BHK એવા ત્રણ ફ્લેટ તાત્કાલીક ફુકી મારવાના છે.
■ બંસીધર સ્કૂલની સામે 3 BHK તદ્દન નવું લોનેબલ પશ્ચિમ દ્વારનું મકાન.
■ શિવલીલામાં પી.આર.કાર્ડ સાથે 2 BHK તદ્દન નવું મકાન માત્ર ૧૧.૯૯
■ અમરેલીમાં પ્લોટ-મકાન કે દુકાન અદલા બદલી કરવાના છે.
■ રાજકોટમાં ફ્લેટ
■ તારાપુર એન.એચ. ઉપર ૧૫૦ વારનો પ્લોટ
શેડુભાર - સોનારીયા - સાવર પુતળીયા - દેરડી - ગોખરવાળા ધારી ફાચરીયા - ગીગાસણ કચીવદરમાં ખેતીની જમીન કસમાં વેચવાની છે. (ટાઈટલ કલીયર)
■ ચકકરગઢ દેવળીયામાં ૭ વિઘા વાડી વેચવાની છે / એકસચેન્જમાં પ્લોટ-મકાન-દુકાન-ફ્લેટ ચાલશે.
**લાભમ્ પ્રોપર્ટીઝ : Mo. 94289 70954**

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
**સોનપાલ ઓટો એડવાઈઝર્સ**
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ – ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC – પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

**વી. કે. મોટર્સ**
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

VHC **પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ** VHC

| યોજના | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''
વધુ માહિતી માટે સંપર્ક કરો
**પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી
વિપુલ એચ. ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી. ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન – કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર** સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**
**૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**
**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**
**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
**મિથ્સ હોલીડેઝ** બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

**સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે**
અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે
માત્ર જુજ પ્લોટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો
આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું
સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ
-:: સંપર્ક ::-
હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨






સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

પાના નં. ૮ તા.૧૬-૨-૨૦૨૪ શુક્રવાર







જિલ્લા કાનુની સેવા સતા મંડળ અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ એમ.જે.પરાસરના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લાભરમાં ૯મી માર્ચે લોક અદાલતો યોજાશે

## જિલ્લા અને દરેક તાલુકા મથકોએ લોક અદાલતમાં થોડી બાંધછોડ સાથે સુખદ સમાધાન સાથે કેસોનો નિકાલ કરાશે : લોક અદાલતનું જિલ્લાભરમાં આયોજન

અમરેલી,તારીખ ૦૯ મી માર્સ ૨૦૨૪, શનિવાર ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ શ્રી એમ.જે.પરાશરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત નું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલત નો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજ્ય ના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના મુખ્ય સંરક્ષક માનનીય જસ્ટિસ શ્રીમતી સુનિતા અગરવાલ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ શ્રી એન. વી. અંજારિયા દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિ ને જરૂરી માર્ગદર્શન આપેલ છે. આ લોક અદાલત માં રાજ્ય ના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટ માં પડતર કેસ કે જેમાં મોટર

(અનુ.પાના નં.૭)


ચાલુ હોસ્પિટલ ભાડે આપવાની છે

અમરેલીમાં બાળકોની ચાલુ તૈયાર નવી હોસ્પિટલ સારી શરતો સાથે ચલાવવા અથવા ભાડે આપવાની છે

સંપર્ક : મો.૯૮૨૫૫ ૪૯૩૩૨







